# ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચરર્સ એસોસીએશન

GSPMA
ISO 9001 : 2008

૭૦૧-૬, ૭મો માળ, સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી ચાર રસ્તા પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : ૦૭૯ - ૨૬૫૭૯૨૦૪ / ૨૬૫૭૮૨૨૭ / ૩૫૫૨૧૦૩૦, મો. : ૯૨૭૪૦૦૦૯૧૧ ૯૨૭૪૦૦૦૮૧૧
Website : http://www.gspma.in • E-mail : info@gspma.in • Follow us : gspma.ahmedabad /

તા. ૨૦-૦૫-૨૦૨૫

પ્રતિ,

સર્વ સભ્યોને,

## વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

આથી સર્વે સભ્યોને જણાવવાનું કે એસોસીએશનની ૫૩મી વાર્ષિક સામાન્ય સભા નીચે મુજબ બોલાવવામાં આવી છે.

**તારીખ : ૦૬-૦૬-૨૦૨૫ (શુક્રવાર)**
**સમય : સાંજના ૬-૦૦ કલાકે**
**સ્થળ : અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, વસ્ત્રાપુર, અમદાવાદ.**

## કાર્યસૂચિ

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંજુર કરવી.
(૨) એસોસીએશનનો સને ૨૦૨૪-૨૫ની કાર્યપ્રવૃત્તિઓનો અહેવાલ મંજુર કરવા.
(૩) એસોસીએશનના સને ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબો મંજુર કરવા.
(૪) એસોસીએશનના બંધારણમાં સુધારા કરવા (સૂચિત સુધારા આ સાથે સામેલ છે.)
(૫) એસોસીએશનના સને ૨૦૨૫-૨૬ના ચૂંટણીના પરિણામોની જાહેરાત કરવા.
(૬) નવા વર્ષ માટે ઓડિટરની નિમણુંક કરવા.
(૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કામકાજ.

સર્વે સભ્યોને ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેવા વિનંતી છે.

આભાર સહ,

ભરત પટેલ
(પ્રમુખ)

નોંધ :

(૧) હિસાબો સંબંધી અથવા સભાની કાર્યસૂચિ બાબત કોઈ સુચનો હોય તો સભાના સાત દિવસ અગાઉ લેખિતમાં એસોસીએશનની ઓફિસે અચૂક મોકલી આપવા વિનંતી છે.
(૨) એસોસીએશનના સને ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબો સભ્યોને તેમના નોંધાયેલા ઈ-મેલ આઈ.ડી. પર મોકલવામાં આવી રહ્યા છે. આમ છતા જે સભ્યને તેની નકલ જોઈતી હશે તો તેઓ એસોસીએશનની ઓફિસેથી રૂબરૂમાં મેળવી શકશે.

**તા.ક. : સભા બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

# એસોસીએશનના બંધારણમાં સૂચિત સુધારા

એસોસીએશનના બંધારણમાં સુધારા અંગે આ અગાઉ ઘણીવાર વિચારણા થઈ હતી અને હાલના બદલાતા જતાં સમય સંજોગો પ્રમાણે ફેરફારો કરવા આવશ્યક બની ગયેલ છે. સભ્યો તરફથી વખતોવખત મળેલ અને કારોબારી સમિતિએ સૂચવેલ સૂચનો નીચે મુજબ છે.

- **પેટ્રન સભ્ય** (આજીવન સભ્ય) : આ કેટેગરી હેઠળ નવા સભ્યોની નોંધણી હવેથી બંધ કરવી. અત્યાર સુધીમાં જે પેટ્રન સભ્ય બનેલ છે તેઓ રાબેતા મુજબ સભ્યના તમામ હક્કો ભોગવશે. પરંતુ જે એકમો બંધ થઈ ગયેલ છે અને ટપાલો પરત આવે છે તેવા કિસ્સાઓમાં જરૂરી કેવાયસી કાર્યવાહી કરી આગળ વધવું.

- **ઓર્ડિનરી સભ્ય** : જેઓ ઉત્પાદન લાઈનમાં રોકાયેલા છે તેઓ વાર્ષિક ધોરણે સભ્ય બનવા માંગતા હોય તેઓ માટે હાલમાં જેમ દાખલ ફી અને સભ્ય ફી ભરી થઈ શકશે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. તેઓ પેટ્રન સભ્યની માફક મતાધિકાર અને ચુંટણી પ્રક્રિયામાં ભાગ લેવા સહિત તમામ હક્કો ભોગવી શકશે.

- **એસોસિએટ સભ્ય** : જેઓ ટ્રેડિંગમાં રોકાયેલા છે અને ગુજરાત બહાર એકમો ધરાવે છે તેઓ હાલમાં અમલમાં છે તેમ દાખલ ફી તથા સભ્ય ફી ભરી વાર્ષિક ધોરણે સભ્યપદ મેળવી શકશે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. તેમને મતાધિકાર રહેશે નહીં તેમજ ચુંટણી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં. અન્યથા સભ્યોના તમામ હક્કો ભોગવી શકશે.

- **Tenure સભ્ય** : આ નવી કેટેગરી ઉમેરવા સૂચન કરવામાં આવે છે જે અંતર્ગત એસોસિએશનનો વ્યાપ વધારવા દેશભરમાંથી ઉત્પાદક તથા ટ્રેડર્સ સભ્યોની નોંધણી થઈ શકશે. પરંતુ આ કેટેગરીમાં માત્ર ગુજરાતનાં ઉત્પાદક સભ્યોને જ મતાધિકાર રહેશે. આ સિવાય તમામ સભ્યો સર્વ અધિકાર ભોગવશે. અને ટ્રેડર્સ મત આપી શકશે નહીં તેમજ ચુંટણી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં. આવા સભ્યોની મુદત સાત વર્ષ રહેશે. તેઓ માટે નીચે મુજબ ફીનું ધોરણ સૂચવવામાં આવે છે.

**દાખલ ફી : રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા)**

**સભ્ય ફી : રૂા. ૭૦૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પૂરા)**

વત્તા જીએસટી અલગથી લાગુ પડશે. જેઓ ઉપર મુજબ ફી એકીસાથે ચૂકવશે તેઓ Tenure સભ્યપદ મેળવી શકશે. સાત વર્ષ પૂરા થયેથી ફરીથી સભ્ય ફી **રૂા. ૭૦૦૦/-** ચૂકવવા પાત્ર રહેશે અને પછી ફરીથી સાત વર્ષ માટે સભ્યપદ રિન્યુઅલ થશે.